# ગાંધીનગર (ઉ)ની બેઠક માટે બન્ને પક્ષોમાં મથામણ

## કોંગ્રેસમાં બ્રાહ્મણ-ક્ષત્રિય કે પટેલના લેખાજોખા ઉપર પેચીદી બનેલ પસંદગી : જો કે કોઈ અપસેટ ના સર્જાય તો અશોક પટેલ અને નિશિત વ્યાસ વચ્ચે જંગ નિશ્ચિત

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યભરમાં ભાજપ-કોંગ્રેસ-જન વિકલ્પ અને અન્ય પક્ષો ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયામાં ઓતપ્રોત બન્યા છે. ત્યારે પાટનગરમાં પુછાતો એક સવાલ 'ટોક ઓફ ધ ટાઉન' બન્યો છે. ગાંધીનગર ઉત્તરની બેઠક ઉપર કોની કોની વચ્ચે જંગ ખેલાશે તેની ચર્ચા ચોરે ને ચૌટે ચાલી રહી છે. કોઈ પક્ષ કે કોઈ ઉમેદવાર વિશ્વાસપૂર્વક કહી શકતો નથી કે કોણ લડશે..?!

ગાંધીનગર ઉત્તરમાં ૨૦૧૨ના વિધાનસભા જંગમાં કોંગ્રેસના સુરેશ પટેલ સામે સાડાચાર હજારથી વધુ મતોની સરસાઈથી વધુ શહેરના જાણીતા સરકારી અને સામાજીક આગેવાન અને ભાજપના ઉમેદવાર અશોકભાઈ પટેલ વિજયી બન્યા હતા. આ વખતે તેમને પુનઃ ટીકીટ અપાશે કે કપાશે તેની ચર્ચા ભાજપના વર્તુળોમાં અને સમગ્ર જિલ્લામાં ચાલે છે..! જો કે અશોક પટેલે ગાંધીનગર સમાચાર સાથે વાત કરતાં કહ્યું હતું કે, 'પાંચ વર્ષની મારી કામગીરી અને મતદારો સાથેના જીવન સંપર્કના કારણે પુનઃ મને ટિકિટ અપાશે તેવો મને વિશ્વાસ છે. ભાજપમાં આ



સિવાય ૨૪ આગેવાનોએ ટિકિટની માંગણી કરી છે, પરંતુ પ્રબળ દાવેદારોમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, મેયર પ્રવિણભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન મનુભાઈ પટેલ,

**વર્તમાન ધારાસભ્ય અશોકભાઈ પટેલ રીપીટ ના કરાય તો કોની પસંદગી થાય એ ટોક ઓફ ધ ટાઉન**

પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, મધુર ડેરીના શંકરસિંહ રાણા, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ભાજપના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ મહેતા અને રૂચિર ભટ્ટનો સમાવેશ થાય છે.

હાલ ભાજપના આંતરિક વર્તુળોમાં ચાલતી ચર્ચાઓને માનીએ તો સંગઠનના પદાધિકારીઓ પરિવર્તનની માંગ કરી રહ્યા છે. જેના પગલે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા રેસમાં મોખરે છે. આશિષ દવેએ ગાંધીનગર સમાચાર સાથે વાત કરતાં જણાવ્યું હતું કે 'મેં ટીકીટ માંગી નથી પણ પક્ષ આદેશ આપશે તો લડીશ.' જ્યારે સુરેશભાઈ મહેતા અને રૂચિર ભટ્ટના પાર્ટી સમક્ષ બ્રાહ્મણોને તક આપવા રજુઆત કરી છે. મહેન્દ્રસિંહ રાણાએ પણ પોતાની કામગીરીના આધારે ટીકીટની માંગણી કરી છે. જ્યારે ડૉ. શંકરસિંહ રાણાએ સહકારી ક્ષેત્રના પોતાના સંબંધો અને સંપર્કોને ધ્યાને લઈ ગાંધીનગર ઉત્તર કે દક્ષિણની ટીકીટ આપવાની રજુઆત કરી છે. આ બધાની વચ્ચે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાનું નામ પણ જોરશોરથી ચાલે છે. ગાંધીનગરના જનજીવન અને પક્ષના કાર્યક્રમોમાં તેમની સક્રિયતાને કારણે પુરૂષોત્તમ રૂપાલા ગાંધીનગરથી લડી શકે છે.

જ્યારે કોંગ્રેસ માટે પણ ઉમેદવારની પસંદગી શિરદર્દ સમાન છે. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને શહેરના જાણીતા વ્યાપારી નિશીતભાઈ વ્યાસનું નામ ચર્ચામાં મોખરે છે. ઉત્તર ગુજરાતની ૫૨ બેઠકો પર બ્રાહ્મણ સમાજના કોઈ ઉમેદવાર નહિ હોવાથી ગાંધીનગર બેઠક માટે નિશીત વ્યાસની પસંદગી કરવા સમાજનું પણ ભારે દબાણ છે. અને તેમના પરિવારનું કોંગ્રેસ પક્ષ માટે વર્ષોના યોગદાનને પણ ધ્યાને લેવાશે

● અનુસંધાન પાન-૬ પર


### ભાજપ પક્ષના પ્રબળ દાવેદાર ઉમેદવારો






### કોંગ્રેસ પક્ષના પ્રબળ દાવેદાર ઉમેદવારો






# ઉમેદવારના ફોટા પણ ઈવીએમ પર દર્શાવવામાં આવશે : ચૂંટણી પંચ

ગાંધીનગર, તા.૨૯

હવે આ વખતની ચૂંટણીમાં ઈવીએમ પર ઉમેદવારના ફોટા સાથેનું બેલેટ પેપર હશે.

રાજયસભાની ચૂંટણી વખતથી અમલી બનેલ આ સુધારા મુજબ હવે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પક્ષના પ્રતિક ઉપરાંત ઉમેદવારનો ફોટો પણ દર્શાવવામાં આવશે.

મતદાન કર્યા પછી વી.વી.પેટમાં જે સ્લીપ જશે તેમાં ઉમેદવારનો ફોટો અને ચિહ્ન અને ઉમેદવારનો ક્રમાંક પણ હશે. આ માટે પંચે ઉમેદવારને ઉમેદવારી પત્ર ભરતી વેળાએ જ ૪ જેટલા પાસપોર્ટ સાઈઝના ફોટા આપવાના રહેશે તેમ ફરજીયાત કરેલ છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઉમેદવારો ભારતીય નાગરિકત્વ સિવાય અન્ય કોઈ દેશનું નાગરિકત્વ ધરાવતો નથી તેવી એફીડેવીટ પણ જોડવાની રહેશે.

પંચે ઉમેદવારીપત્રનું સરળીકરણ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત સોગંદનામુ જે રજુ કરવાનું છે તેમાં ઓનલાઈન પણ સોગંદનામું રજુ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંગેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે અને જેમ જેમ ચુંટણીનું જાહેરનામુ પ્રગટ થવાના દિવસો નજીક આવશે તેમ તેમ રાજકીય માહોલ ગરમાશે તેમ મનાઈ રહ્યું છે.

## જેડી(યુ) ગુજરાતમાં ચાર-પાંચ બેઠકો પર ચૂંટણી લડશે

ગાંધીનગર, તા.૨૯

નીતિશકુમારના નેતૃત્વ હેઠળના જેડી(યુ)એ એવું જણાવ્યું હતું કે અમે ગુજરાતમાં અમારી પરંપરાગત ચારથી પાંચ બેઠકો પરથી લડીશું. તેમણે ચૂંટણી પંચને શરદ યાદવ જૂથના પક્ષના સિમ્બોલ પરના દાવાને નકારી કાઢવાની વિનંતી કરી છે, જેથી તેઓ વિધાનસભાની ચૂંટણી લડી શકે.

# પ્રદુષણ ઓકતી રીક્ષાઓની બેફામ ભાડા વસુલી સામે રોક લગાવવા માંગ

### શહેરમાં રીક્ષા સ્ટેન્ડ બનાવાની યોજના પણ અધ્ધરતાલ માર્ગ સલામતી સામે ખતરો

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરમાં દાયકાઓ જુના પ્રશ્નોનુ હજુ નિરાકરણ આવ્યુ નથી. શહેરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને યોગ્ય કરવા કોઈ આયોજન થયુ નથી. જયારે રીક્ષા સ્ટેન્ડ સહીત નિયમનુસાર રીક્ષાઓ દોડે તે માટે પણ કોઈ પગલા લેવાયા નથી. રીક્ષામાં મુસાફરી કરવાનુ મુસાફરોને મોંઘુ પડે છે. નગરના માર્ગો પર માર્ગ વચાળે ખડકી દેવાતી રીક્ષાઓ માર્ગ સલામતીની દ્રષ્ટિએ ભયનજક હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે પ્રદુષણ ઓકતી રીક્ષાઓને રોક લગાવવા માટે પણ કોઈ પગલા લેવાયા નથી. રીક્ષામાં મીટર પધ્ધતિનો અમલ કરવાની વાત પણ અધ્ધરતાલ છે.

શહેરમાં રીક્ષા સ્ટેન્ડનુ નિર્માણ કરવા માટેની યોજના હજુ કાગળ પર જ છે. રીક્ષા સ્ટેન્ડ માટે ટાઉન પ્લાનીંગ કક્ષાએથી સ્થળ પસંદગી કરવાની પ્રકીયા પણ અગાઉ આખરી

● અનુસંધાન પાન-૬ પર


**ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી–૨૦૧૭**

**મતદારયાદીમાં નામ ન હોય તો નોંધાવવા માટેની વધુ એક તક**

ચૂંટણી પંચ, નવી દિલ્હી ધ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બે તબકકામાં યોજવાનું જાહેર કરવામાં આવેલ છે. ચૂંટણીમાં મતદાન કરવા માટે મતદારયાદીમાં નામ હોવું અનિવાર્ય છે. મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ તા.૨૫–૯–૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે.

**મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી અવશ્ય કરવી જરૂરી છે. જો આપનું નામ મતદારયાદીમાં નોંધાયેલ ન હોય તો તે હજુ પણ નોંધાવી શકો છો.**

**અરજી કરવાની છેલ્લી તારીખ**

**પ્રથમ તબકકાના મતદાન માટે કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ ધ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ નવસારી અને વલસાડ જિલ્લાના નોંધણી માટે બાકી રહી ગયેલા નાગરીકો માટે**

**તા.૧૦–૧૧–૨૦૧૭**

**અને**

**બીજા તબકકાના મતદાન માટે અમદાવાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના નોંધણી માટે બાકી રહી ગયેલા નાગરીકો માટે**

**તા.૧૬–૧૧–૨૦૧૭**

**આ માટે :–**

- તા.૧–૧–૨૦૧૭ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ મતદાર તરીકે નોંધાવવા માટે ફોર્મ નં.૬ માં અરજી કરવી. અરજી સાથે ઉંમર અને રહેઠાણના પુરાવા રજૂ કરવાના રહેશે.
- ફોર્મ નં.૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો આવી શકે.
- ફોર્મ નં.૬ કલેકટર કચેરી, મતદારનોંધણી અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીની કચેરી અને મામલતદાર કચેરીમાંથી મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.
- મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in ઉપરથી પણ આપ ફોર્મ નં.૬ ડાઉનલોડ કરી શકશો અને આ વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ નં.૬ ભરી શકશો.

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હોય તો પણ મતદાન માટે આપનું નામ મતદારયાદીમાં હોવું અનિવાર્ય છે. મતદારયાદીમાં આપનું નામ અવશ્ય ચકાસો.**

**મતદારયાદીમાં નામ ચકાસવા માટે :**

- www.ceo.gujarat.gov.in વેબસાઈટ ઉપર લોગ ઓન કરો.
- ૧૯૫૦ નંબર ડાયલ કરો અને વિગતો મેળવો.
- આપના મોબાઈલ ફોનમાં ગુજરાત રાજયની કોઈપણ જગ્યાએથી epic<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ૮૫૧૧૧૯૯૮૯૯ નંબર પર SMS મોકલી આપો.

*– મુખ્ય નિર્વાચનઅધિકારી, ગુજરાત રાજય.*


# ઠંડીના દિવસોમાં સ્વાઈન ફલુ જેવા કેસો મળી શકે છે સતર્ક રહેજો : ડૉ. જાગાણી

ગાંધીનગર, તા.૨૯

ઉત્તર પૂર્વીય પવનોનો ગઈકાલથી આરંભ થતાં આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધશે તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે.

દરમિયાન જિલ્લા આરોગ્ય તંત્રની પણ ગત સપ્તાહે મળેલ બેઠકમાં હવામાન બદલાતાં સ્વાઈન ફલુ સહિતના રોગો માટે સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તબીબી અધિકારીઓને તાકીદ કરી છે.

દરેક પ્રાથમિક આરોગ્ય કન્દ્રો અને સબસેન્ટરો ખાતે દવાના જથ્થાને લઈ પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ શરદી-ઉધરસ અને વાયરલ ફિવરના વધી રહેલા કેસોને ધ્યાને રાખી ઠંડીના દિવસોમાં સ્વાઈન ફલુ જેવા કેસો પણ દેખા દઈ શકે છે તેથી સતર્ક રહેવા તબીબી અધિકારીઓને જણાવ્યું હતું.

તેમણે વાહકજન્ય રોગચાળાના કેસો છુટા છવાયા મળી રહ્યા છે અને ૧૫ દિવસ સુધી હજુ પણ દેખા દઈ શકે છે ત્યારે તંત્રને વધુ સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા જણાવ્યું છે. સામાન્યતઃ દિવાળી પછી વાહકજન્ય રોગના કેસોનું પ્રમાણ ઘટી જતું હોય છે પણ આ વખતે સિઝન મોડી ચાલી રહી હોવાથી ૧૫ થી ૨૦ દિવસ સુધી આ રોગના કેસો દેખા દઈ શકે છે તેમ તેમણે કહ્યું હતું.

બીજી તરફ હવામાન ખાતાએ જે રીતે આગાહી કરી છે તે જોતાં આગામી દિવસોમાં ગાંધીનગર જિલ્લાના તાપમાનમાં બદલાવ જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે.


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com